ગાંધીનગરમાં તાર સેવાને અલવિદા કહેવા ઉત્સુકતા

તાર સેવાનો શનિવારે છેલ્લો દિવસ : સંદેશાવ્યવહારના આ ૧૬૩ વર્ષ જુના માધ્યમના ઈતિહાસમાં નામ નોંધાવવા ગાંધીનગરાઓ ઉત્સુક

ગાંધીનગર, તા. ૧૨

સંદેશાવ્યવહારની ૧૬૩ વર્ષ જુની એક પધ્ધતિનો આવતીકાલથી અંત આવી રહ્યો છે. તાર સેવાના નામે ઓળખાતા આ ઝડપી સંદેશાવ્યવહારના માધ્યમના ઈતિહાસનો ભોગ બનવા માટે ગાંધીનગરાઓએ ભારે ઉત્સાહ બતાવ્યો છે. ૧૫મી જુલાઈથી આ સેવા બંધ થાય તે પહેલા મિત્રો-સગા સંબંધીઓને ટેલીગ્રાફ (તાર) યાદગીરીરૂપે મોકલવામાં આવી રહ્યા છે. જુના સચિવાલય સ્થિત તાર ઓફિસમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી સરેરાશ કરતાં વધુ ભીડ જોવા મળી રહી છે.

વોટસએપ અને ફેસબુકના અત્યંત ઝડપી સંદેશાવ્યવહારના સમયમાં ટેલીગ્રાફ (તાર) એટલે શું તે આજના બાળકોને પ્રશ્ન થાય તે સ્વાભાવિક છે. મોબાઈલ-નેટ કલ્ચરમાં જ ઉછરેલી એક આખી પેઢીને

હવે તો પોસ્ટ કાર્ડ એટલે શું તે જ નથી સમજાતું તો તાર એટલે શું તે કયાંથી સમજાય. તાર સેવા વિશે જાણવા પણ હવે બાળકોને નેટ પર સર્ચ કરવું પડે. તાર સેવા ઈતિહાસ બની જાય તે પહેલા નવી પેઢીના બાળકોને કોમ્યુનિકેશનની આ જુની પધ્ધતિ અંગે પ્રત્યક્ષ માહિતી માત્ર આવતીકાલના દિવસે એટલે કે શનિવારે ૧૩મી જુલાઈના રોજ જ મળી શકે છે કેમ કે ૧૫મી જુલાઈથી આ સેવાને આખા દેશમાં બંધ કરી દેવાશે. સંદેશા વ્યવહારનો એક આખો યુગ આપણી આંખો સામે સમાપ્ત થઈ ઈતિહાસના પાનાઓમાં સમાઈ જશે.

પોસ્ટકાર્ડ અને પત્રો ટપાલઘર મારફતે અઠવાડિયા દસ દિવસ પછી મળતા તેવા દાયકાઓ અગાઉના સમયગાળામાં ટેલીગ્રાફ (તાર) સર્વિસ સંદેશા વ્યવહારનું એક ઝડપી માધ્યમ ગણાતી. એક સમય એવો હતો જયારે કોઈના ઘરે તાર પહોંચે ત્યારે સૌના જીવ ઉંચા થઈ જતા. સામન્ય જનમાં મોટા ભાગે કોઈના મૃત્યુ પ્રસંગે જ તાર મોકલી જાણ કરવાનો વ્યવહાર હતો. જમીનદારો, ઉદ્યોગપતિઓ, સરકારી ઉચ્ચ અધિકારીઓ તેનો ઉપયોગ શુભેચ્છા મોકલવા, પ્રસંગમાં અનુપસ્થિત રહેવા બાબતે કે કોઈ અગત્યના કામકાજ બાબતે કરતા હતાં. જયારે સરકારી કચેરીઓમાં તો સંદેશા વ્યવહારનું તે સૌથી શ્રેષ્ઠ માધ્યમ ગણાતું. ટેલીગ્રાફનો એક પુરાવા તરીકે ગમે ત્યાં ઉપયોગ થઈ

શકે છે. આજે પણ એરફોર્સ, આર્મી જેવી સંસ્થાઓ, કેટલીક કચેરીઓ ટેલીગ્રાફનો ઉયોગ કરે છે.

જુના સચિવાલય સ્થિત તાર ઓફિસના મહિલા અધિકારી નયનાબેન જોશી કહે છે કે અન્ય સ્થળોએ ભલે ચાર ઓફિસ ખોટ કરેલી હોય પરંતુ ગાંધીનગરમાં સરેરાશ ૪૦ થી ૫૦ જેટલા તાર થાય છે. અહીં એરફોર્સ અને મિલિટ્રી જેવી સંસ્થાઓ ઉપરાંત કેન્દ્ર સરકારની ઘણી કચેરીઓ કાર્યરત હોઈ તાર સેવાનો ઉપયોગ વધુ થાય છે. ક્યારેક તો દિવસમાં સોથી દોઢસો તાર કરવાના હોય છે. ગાંધીનગરની તાર ઓફિસની એક માસની આવક ક્યારેક ૪૦ થી ૫૦ હજાર સુધી પહોંચી જાય છે. ૧૫મી જુલાઈથી તાર સેવા બંધ કરવાનો નિર્ણય બીએસએનએલે લીધો છે. આથી આવતીકાલે શનિવારે છેલ્લો વર્કિંગ ડે હશે. તાર સેવા બંધ થવાની છે તેવું સાંભળીને ઘણા વસાહતીઓ પોતાના સગા સંબંધીઓને યાદગીરીરૂપે તાર કરી રહ્યા છે. છેલ્લા ત્રણચાર દિવસથી સોથી દોઢસો તાર થઈ રહ્યા છે. વડોદરાની એક સંસ્થા તાર સેવા બંધ થાય તે પહેલા એક સાથે ત્રણ હજાર તાર

મોકલી વર્લ્ડ રેકોર્ડ બનાવવા જઈ રહી છે. તે સંસ્થાએ જુદી જુદી ચાર ઓફિસોને દોઢસોથી બસો તાર કરવા આપ્યા છે. ગાંધીનગરની ઓફિસથી પણ આ સંસ્થાએ તાર મોકલ્યા છે. જેના કારણે તાર ઓફિસના કર્મચારીઓ ત્રણ ચાર દિવસથી ખુબ વ્યસ્ત છે તમે પણ સંદેશા વ્યવહારના અસરકારક માધ્યમના ઈતિહાસનો ભાગ બનવા ઈચ્છતા હોવ તો આવતીકાલે છેલ્લો દિવસ છે... કચેરી નજીક જ છે...

સોલાર પેનલના પગલે ડેપોના વિજબીલમાં ૭૫ ટકાનો ઘટાડો

અગાઉ પ્રતિમાસ રૂ. ૩૦ હજારનું ભારણ હતું જ્યારે હવે માત્ર રૂ. ૫ હજારનું બિલ આવે છે

ગાંધીનગર, તા. ૧૨

એસ.ટી. ડેપોમાં સોલાર પેનલ સિસ્ટમ લગાવાયા બાદ વીજબીલનું ભારણ ૭૫ ટકા જેટલુ ઘટી ગયું છે. અત્યાર સુધી ડેપોએ પ્રતિમાસ વીજબીલ પેટે રૂ. ૨૭ થી ૩૦ હજારનો તોતિંગ ખર્ચ કરવો પડતો હતો, પરંતુ સોલાર પેનલ સિસ્ટમ અનુકુળ આવતા હવે માત્ર રૂ. ૫ હજાર જ વીજ વપરાશ પાછળ ખર્ચાય છે. એસ.ટી.બસ સ્ટેન્ડમાં દિવસે સોલાર પેનલ આધારિત પાવર ઉપયોગમાં લેવાય છે. જ્યારે રાત્રે ટોરેન્ટ પાવરના સપ્લાયથી કામ ચલાવાય છે.

ગાંધીનગર એસ.ટી. ડેપોને મોડેલ ડેપો બનાવવા પ્રયત્નો હાથ ધરાયા છે. ત્યારે ડેપોમાં મુસાફરલક્ષી સુવિધા ઉપલબ્ધ કરવા તબક્કાવાર કામ હાથ ધરવામાં આવે છે. મુસાફરો માટે નવી બસો પણ ફાળવવામાં આવી છે. જ્યારે ડેપો આનુસંગિક સુવિધાઓ ઉભી કરવા પણ આયોજન કરવામાં આવ્યું છે. જ્યારે એસ.ટી. ડેપોમાં વીજવપરાશના મામલે આર્થિક ભારણ ઘટે તે માટે ગત વર્ષ દરમિયાન સોલાર પેનલ સિસ્ટમ પણ લગાવી દેવાઈ છે. ગાંધીનગરને સોલાર સીટી બનાવવાનું સ્વપ્ન સાકાર કરવા હાલ સેક્ટરોમાં સ્થિત સરકારી બિલ્ડીંગોના ધાબે પણ સોલાર પેનલ ફીટ કરવાનુ કામ શરૂ કરી દેવાયું છે. ત્યારે એસ.ટી. ડેપોના સંકુલમાં પણ સોલાર પેનલની વિજવપરાશની જરૂરીયાત સંતોષવા નવી વ્યવસ્થા હવે અનુરૂપ થઈ ગઈ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર સોલાર પેનલ સિસ્ટમના લીધે બસ સ્ટેન્ડના વીજબીલમાં પણ ૭૦ ટકા જેટલી રાહત થઈ ગઈ છે. અગાઉ ડેપોએ પ્રતિમાસ વીજબીલ પેટે રૂ. ૨૭ થી ૩૦ હજારનો ખર્ચ કરવો પડતો હતો જ્યારે સોલાર પેનલ સિસ્ટમના લીધે વીજબીલના પ્રમાણમાં ધરખમ ઘટાડો થયો છે. ડેપો હવે પ્રતિમાસ રૂ. ૫ હજાર બીલ પેટે ચુકવે છે.

મેઘરાજા મહેરબાન થતાં શહેરમાં ઠંડક

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરમાં છેલ્લા એક સપ્તાહથી હળવા-ભારે વરસાદી ઝાપટા યથાવત રહેતા ભીની માટીની મહેંક વચ્ચે પ્રકૃતિ નિખરી ઉઠી છે. અત્યાર સુધી મૌસમનો ૧૩ ઈંચ વરસાદ વરસી જતા ખેડૂતો ખુશહાલી અનુભવી ખેતીકામમાં લાગી ગયા છે. વરસાદી હેલીના લીધે વાતાવરણ પણ ખુશનુમા બની ગયું છે. આજે પણ દિવસ દરમિયાન ઉકળાટનું પ્રમાણ વધતા સાંજે આખરે મેહુલિયો મહેરબાન થયો હતો. મોડી સાંજે આકાશમાં ગોરંભાયેલા વાદળોએ પાણી વરસાવતા ચોમેર ઠંડક પ્રસરી હતી. હરિયાળા શહેરમાં વરસાદી વાયરથી લવલી મૌસમનો નઝારો સર્જાયો હતો. અંદાજે એક ઈંચ જેટલો વરસાદ થતા સેક્ટરોમાં વરસાદી પાણી ઉભરાયા હતા.

પ્રારંભિક ચોમાસે તોફાની વરસાદ બાદ મેઘરાજા અદૃશ્ય થઈ જતા ખેતપાકો સામે ખતરો મંડરાયો હતો. જુલાઈના પ્રારંભે વાતાવરણમાં નાટ્યાત્મક પલ્ટા સાથે મેઘરાજા મહેરબાન થતા સાડા ચાર ઈંચ વરસાદના લીધે ખેતીને નવજીવન મળ્યું હતું. છેલ્લા એક સપ્તાહથી શહેરમાં વરસાદી હેલી યથાવત રહેતા અત્યાર સુધીમાં ૩૨૦ મી.મી. જેટલો વરસાદ થઈ ગયો છે. સીઝનમાં ૧૩ ઈંચ જેટલો વરસાદ થતા ખેડૂતોમાં હર્ષની લાગણી વ્યાપી છે. છેલ્લા બે-ત્રણ દિવસથી છાંટણા વરસાવી જતા મેઘરાજા આજે સાંજે પણ મનમુકીને વરસ્યા હતા. વાતાવરણમાં સવારથી જ ઉકળાટ વર્તાતા શહેરીજનો ફરી એકવાર ગરમીની ગિરફતમાં આવી ગયા હતા. પરંતુ મોડી સાંજે અચાનક જ વાતાવરણ પલ્ટાઈ ગયું હતું. આકાશમાં જળભરેલા વાદળોએ ઘેરાવો કર્યો હતો. થોડીવારમાં જ ધમધોકાર વરસાદ વરસવાનુ શરૂ થઈ ગયું હતું. સતત એકધારા વરસાદના લીધે મુખ્યમાર્ગો સહીત સેક્ટરોના આંતરિક વિસ્તારમાં વરસાદી પાણી ભરાઈ ગયા હતા. વરસાદી વાયરાથી વાતાવરણ ખુશનુમા બની ગયું હતું. સાંજના સમયે અચાનક જ મેઘમહેર થતા નાગરિકોએ વરસાદમાં ભીંજાવાની મજા માણી હતી. દિવસ દરમિયાન ભેજનું પ્રમાણ ૯૨ ટકા રહ્યું હતું. શહેરમાં છેલ્લા એક સપ્તાહથી વરસાદી માહોલનું વાતાવરણ રહેતા સેક્ટરોમાં વરસાદી સમસ્યાઓનો ઢગ ખડકાયો છે. વરસાદના લીધે શહેરી જનજીવન ઉપર પણ ભીંજાશની અસર વર્તાઈ રહી છે.

ખૂણે... ...ખાંચરેથી

- સચિવાલય સ્ટાફ એસોસીએશનની ચૂંટણીમાં હજુ ઉમેદવારો થવા ઈચ્છતા કર્મચારીઓ દ્વારા બહુ રસ દાખવવામાં આવ્યો નથી. હજુ સુધી પાંચ જેટલા ઉમેદવારી પત્રો જ ભરાયા છે.
- ગાંધીનગર સે. ૩૦માં આવેલ મુક્તિધામ ખાતે આજે સૌથી વધુ મૃતદેહોના અગ્નિ સંસ્કાર વિધિ થયા હતા. આજે ૧૨ જેટલા મૃતદેહો અંતિમ વિધિ માટે આવ્યા હતા.
- ગાંધીનગર ડેપો ખાતે વિદ્યાર્થીઓના કન્સેશન પાસ હવે કોમ્પ્યુટરાઈઝડ આપવામાં આવશે.
- સે. ૨૩માં રહેતા બ્રહ્મસમાજના અગ્રણી શ્રી મુકેશ શુક્લને ત્યાં ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ એક્સચેન્જ કાર્યક્રમ અંતર્ગત ઈટાલીની સોફિયા ધો. ૧૧માં અભ્યાસ કરવા માટે આવી છે અને તેણે સે. ૨૩ની કડી સર્વ વિદ્યાલયમાં પ્રવેશ મેળવ્યો છે.
- રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીએ આજે રાજયના રાજયપાલશ્રીને એક આવેદન-પત્ર આપી રાજયમાં લઘુમતિ પંચની રચના કરવા તેમજ અલીગઢ યુનિ.ની વિદ્યાશાખાનું કેન્દ્ર શરૂ કરવા માંગ કરી છે.

સાયન્સ કોલેજોમાં પ્રવેશ વંચિતો માટે ૧૬મીથી ફોર્મ વિતરણ

અમદાવાદ, તા. ૧૨

સાયન્સ કોલેજોમાં પ્રવેશ માટે ગુજરાત યુનિવર્સિટીએ પ્રવેશ વંચિતોને પ્રવેશ મળી રહે તે માટે વર્ગ દીઠ ૫૦ બેઠકોનો વધારો જાહેર કર્યો હતો પરંતુ સાયન્સ કોલેજોનાં પ્રિન્સીપાલોએ તેનો વિરોધ કરીને શિક્ષણમંત્રીને રજુઆત કરી હતી. આજે શિક્ષણમંત્રીએ પ્રિન્સીપાલોને કોલેજોમાં અપૂરતા સ્ટાફ સામે તાત્કાલીક ધોરણે સ્ટાફ પૂરો પાડવા ન બાહેધરી આપ્યા બાદ હવે પ્રવેશ વંચિતો માટે તા. ૧૬થી ૧૮ દરમિયાન સી.યુ. શાહ કોલેજ પરથી ફોર્મ વહેચારો અને ત્યાંજ જમા ડરાવવાના રહેશે. આ કોલેજ પર દરેક કોલેજનાં પ્રતિનિધિએ હાજર રહેશે.

ગુજરાત યુનિવર્સિટીએ સાયન્સ કોલેજોમાં પ્રવેશ વંચિત વિદ્યાર્થીઓને સમાવવા માટે વર્ગદીઠ ૫૦ બેઠકોનો વધારો જાહેર કર્યો હતો. પરંતુ ત્યારબાદ દરેક સરકારી સાયન્સ કોલેજોનાં પ્રિન્સીપાલોએ તેનો વિરોધ કર્યો હતો. કારણ કે દરેક કોલેજોમાં વિદ્યાર્થીઓને ભણાવવા માટે પરતા પ્રમાણમાં અધ્યાપકો જ નથી. જ્યારે બીજીબાજુ સાયન્સમાં પ્રેકટીકલ કરાવવાના હોય છે. તેમાં કોલેજો પાસે લેબ ટેકનીશ્યનો પણ નથી અને આ ઉપરાંત વધારાનાં ૫૦ વિદ્યાર્થીઓને વર્ગમાં કેવી રીતે સમાવવા તેની સમસ્યા હતી.

આરટીઆઈ કમિશનર તરીકે વી.એસ. ગઢવી નિમાયા

માહિતી અધિકારી અધિનિયમ ૨૦૦૫ અંતર્ગત મળેલ સત્તાની રૂએ ગુજરાતનાં રાજયપાલ દ્વારા વી.એસ. ગઢવી, આઈએએસ (નિવૃત્ત)ની ગુજરાત માહિતી આયોગમાં રાજય માહિતી કમિશનર આરટીઆઈ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેઓ આ જગ્યાનો પદભાર ગ્રહણ કરે તે તારીખથી તેમની નિયુક્તિ અમલમાં આવશે.

દુઃખદ અવસાન

અત્યંત દુઃખ સાથે જણાવીએ છીએ કે અમારાં **પૂ. માતુશ્રી ગં.સ્વ. જયાબેન નાનકદાસજી સાધુ** (પાટણવાળા) અષાઢ સુદ ૪, તા. ૧૨-૭-૨૦૧૩ ને શુક્રવારના રોજ દેવલોક પામ્યાં છે.

સદ્‌ગત માટે શાંતિપાઠ નીચેની વિગતે રાખેલ છે.
તારીખ : ૧૩-૭-૨૦૧૩, શનિવાર
સમય : સાંજે ૫.૦૦ થી ૭.૦૦ કલાક

સરનામું : 'ગાયત્રી તપોવન', ૨૦૫, સહકાર કૉલોની, સેક્ટર-૨૫, ગાંધીનગર. મો. ૯૩૭૭૧ ૫૪૩૧૭

પદ્મનાભ નાનકદાસજી સાધુ	દિવ્યાબેન નાનકદાસજી સાધુ
જ્યોત્સ્ના પદ્મનાભ સાધુ	ગાયત્રી પ્રતીક પંડ્યા
મયુર નાનકદાસજી સાધુ	પ્રતીક વેણીભાઈ પંડ્યા
નીતા હિમાંશુ ભચેચ	આશાલતા હેમેન સાધુ
હિમાંશુ નરેન્દ્રકુમાર ભચેચ	હેમેન લાલદાસ સાધુ

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી
સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, સેક્ટર-૨૦, ગાંધીનગર - ૩૮૨૦૨૦
ડેપ્યુટેશનથી ભરતી અંગેની જાહેરાત

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી માટે મંજુર થયેલી શૈક્ષણિક અને વહીવટી જગ્યાઓ અન્વયે હાલ સરકારી શિક્ષણ સંસ્થાઓ, યુનિવર્સિટી કે અનુદાનિત શિક્ષણ સંસ્થાઓમાં શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક જગ્યાઓ ઉપર ફરજો બજાવતી વ્યક્તિઓને ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે પ્રતિનિયુક્તિથી લેવાના થાય છે. આ જગ્યાઓ માટે વિશેષ વિગતો વેબસાઈટ **www.cuguiarat.ac.in** ઉપરથી ઉપલબ્ધ થશે. પ્રતિનિયુક્તિથી આવવા ઈચ્છતી વ્યક્તિઓએ અરજીપત્રકનો નમૂનો વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી તા. ૧૫-૦૮-૨૦૧૩ સુધીમાં ઉપરોક્ત સરનામે મળે તે રીતે દરખાસ્ત કરવાની રહેશે. અરજદારોએ પોતાની સંસ્થા / કચેરી મારફતે દરખાસ્ત કરવાની રહેશે અને એક નકલ સીધી પણ મોકલી શકાશે.

તારીખ : ૧૦-૦૭-૨૦૧૩ સહી/-
No. C.U./recruitment/01/2013 કુલસચિવ
માહિતી/૭૬૧/૧૩-૧૪

Y.A. MANSURI M. : 9824049503
SANJAY S. SHAH P. Manubhai Medical
Since 1986
॥ અભય ॥
Government Approved Contractor
• Corporate Gathering • Celebrations • Marriage
• Exhibitions • Reception • Parties • Seminars
ABHAY DECORATORS
CORRESPONDENCE OFFICE
Plot No. 6-162, 163, 164, B/h. Videocon Factory, Electronics Estate, GIDC, Sector-26, Gandhinagar.
Ph. : 079-232 87368, Fax : 079-232 87292
email : info@abhaydecorators, www.abhaydecorators.com

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre) Gandhinagar District
VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383/82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. **ફોન :** ૨૩૨૨૨૫૭૧, **ફેક્સ :** ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com